| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૪/૦૨/૨૦૨૫ |
| નોંધ્યા તારીખ | : | ૧૪/૦૨/૨૦૨૫ |
| ફેસલ તારીખ | : | ૧૧/૧૧/૨૦૨૫ |
| સમય ગાળો | : | ૦૦ ૦૮ ૨૮ |
| | | વર્ષ માસ દિવસ |

---

**અમદાવાદના ૭ . માં એડી. ચીફ. .જ્યુડી. મેજી. (આર.બી.સોલંકી) ની કોર્ટમાં .**
**મુ.અમદાવાદ. કોર્ટ નંબર.૧૪**

---

**<u>ક્રી.કેસ નંબર–૩૩૮૩૩/૨૦૨૫</u>**

**આંક–**

**ફરિયાદી :– ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**વિરુદ્ધ**

**આરોપી :– કાળાજી લખાભાઈ ઠાકોર.**
રહે. ભુતીયોવાડ દેવીમાતાના મંદિર પાસે,
વટવા, અમદાવાદ.

---

**ફરિયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી. બી.એચ.જાની.**
**આરોપી તરફે વિ. વકીલ શ્રી કે.કે.રાઠોડ.**

---

**આરોપ : ભારતીય ન્યાય સહિતા ૨૦૨૩ ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), ૩૨૪ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૩–૧૮૧,૧૯૬ મુજબ**

---

# ::–ચુકાદો–::

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૩/૦૮/૨૦૨૪ ના કલાક–૧૮:૪૫ વાગ્યાની આસપાસ નારોલ કેનાલ રોડ સ્વામીનારાયણ પાર્ક ૮ ના ટર્નીંગ પાસે ફરિયાદી પોતાનું મોટર સાઇકલ જેનો રજી. નં.જી.જે.૨૭.એફ.જે.૬૩૭૦ નું વળાંક વાળવા જતા સામેથી આરોપી પોતાનું સ્પ્લેન્ડર જેનો રજી. નં.જી.જે.૨૭.ડી.એ.૯૮૯૬ બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરિયાદીના મોટર સાઇકલને ટકકર મારતા ફરિયાદીને ડાબા પગના પંજાના ભાગે ઈજા થયેલ અને ફરિયાદીની પત્ની કિંજલબેનને તથા દિકરા નૈતિકને શરીરે ઈજાઓ થયેલ અને ફરિયાદીના મોટર સાઇકલને નુકશાન કરી આરોપીએ ગુનો કર્યાની હકીકતે નોંધાયેલ ફરિયાદના અનુસંધાને તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરાવા જણાઈ આવતા હાલનુ ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજૂ થતાં મારા પુરોગામી ન્યાયધીશશ્રીએ આરોપીને સમન્સ જારી કરતાં તેમના વિ.વકીલ શ્રી મારફતે હાજર થતાં પોલીસ તપાસના તમામ કાગળોની નકલો વિનામુલ્યે પૂરી પાડયાની ખાતરી કરી આરોપી વિરૂદ્ધ તહોમત ફરમાવી, પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેના આરોપનો ઈન્કાર કરતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

(૩) આ કામે ફરીયાદપક્ષ તર્ફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા ફરીયાદપક્ષે નીચે મુજબનાં પુરાવાઓ રજુ કરેલ છે.

**(અ) <u>મૌખિક પુરાવા</u> :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩ | ફરિયાદી યોગેશભાઈ ભાઈલાલ પંચાલની જુબાની. |

**(બ) <u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૪ | ફરિયાદની નકલ. |

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૨ | ૫ | પંચનામું. |
| ૩ | ૬ | સારવારનું પ્રમાણપત્ર. |
| ૪ | ૭ | સમાધાન પુરશીષ. |

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૮ થી પુરસિસ રજૂ કરી, ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધતા આરોપીએ ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાનો ઈન્કાર કરી બચાવના સાહેદો તપાસવા કે જાતે પોતે સોગંધ પર પુરાવો રજૂ કરવા માંગતા નહીં હોવાનું જાહેર કરી વિશેષમાં તેમની ઉપર ખોટો કેસ કરેલાનું જણાવતા એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૫) ઉપરોક્ત રજૂઆત તથા પુરાવો ધ્યાને લેતા કેસના ન્યાયિક નિકાલ સારું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– : મુદ્દાઓ:–**

(૧) શું ? ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, તા.૨૩/૦૮/૨૦૨૪ ના કલાક–૧૮:૪૫ વાગ્યાની આસપાસ નારોલ કેનાલ રોડ સ્વામીનારાયણ પાર્ક ૮ ના ટર્નીંગ પાસે ફરિયાદી પોતાનું મોટર સાઇકલ જેનો રજી. નં.જી.જે.૨૭.એફ.જે.૬૩૭૦ નું વળાંક વાળવા જતા સામેથી આરોપી પોતાનું સ્પ્લેન્ડર જેનો રજી. નં.જી.જે.૨૭.ડી.એ.૯૮૯૬ બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરિયાદીના મોટર સાઇકલને ટકકર મારતા ફરિયાદીને ડાબા પગના પંજાના ભાગે ઈજા થયેલ અને ફરિયાદીની પત્ની કિંજલબેનને તથા દિકરા નૈતિકને શરીરે ઈજાઓ થયેલ અને ફરિયાદીના મોટર સાઇકલને નુકશાન કરી આરોપીએ ભારતીય ન્યાય સહિતા ૨૦૨૩ ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), ૩૨૪ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪,

૩–૧૮૧,૧૯૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

ઉપરોક્ત મુદ્દા અંગેના મારા નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

<u>મુદ્દા નંબર</u>

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

## –: <u>નિર્ણય માટેનાં કારણો</u> :–

(૬) ફરિયાદપક્ષે સોગંદ પર તપાસેલ ફરિયાદી સાહેદ યોગેશભાઇ ભાઇલાલ પંચાલના જણાવ્યા મુજબ, બનાવ દાઢેક વર્ષ અગાઉ સાંજના સાતેક વાગે નારોલ કેનાલ રોડ પાસે બનેલો. બનાવના દિવસે તેઓ તેમનું બાઇક લઇને ઘરે જતા હતાં તે વખતે સામેથી એક વાહન લઇને આરોપી આવેલા અને અકસ્માત થયેલો તે વખતે તેમને આરોપી સાથે બોલાચાલી તકરાર થતા તેમણે હાલની ફરિયાદ કરેલી. આ કામના આરોપીએ તેમની પર હુમલો કરી તેમને ઇજાઓ કરેલ હોય તેવું બનેલ નથી.

મજકુર ફરીયાદીએ તેમની ફરીયાદ હકીકતને તથા પોલીસ જવાબની હકીકતને સમર્થન કરેલ ન હોઈ, ફરીયાદપક્ષ વ્દારા તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેમની હોસ્ટાઈલ ઉલટતપાસ કરેલ છે પરંતુ તેમાંથી ફરીયાદ હકીકતને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત બહાર આવતી નથી કે જે ફરીયાદપક્ષને મદદરુપ થાય.

વધુમાં, આરોપી તરફેની ઉલટતપાસમાં મજકુર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કામના આરોપી સાથે તેમને રાજીખુશીથી ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થતા તેમણે હાલની ફરિયાદ આપેલી.

(૭) આ કામે રજુ થયેલ ઉપરોકત પુરાવાનું મૂલ્યાંકન કરતા એ હકીકત સ્પષ્ટ થાય છે કે, પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને પક્ષકારોએ સમાધાન પુરસીસ આંક–૭ થી રજુ કરેલ છે. આવા સંજોગોમાં રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે ફરીયાદીએ તેમની જુબાની દરમ્યાન ફરીયાદીએ તેમની ફરીયાદ હકીકતને તથા પોલીસ જવાબની હકીકતને સમર્થન કરેલ ન હોઈ, ફરીયાદપક્ષ વ્દારા તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેમની હોસ્ટાઈલ ઉલટતપાસ કરેલ છે પરંતુ તેમાંથી ફરીયાદ હકીકતને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત બહાર આવતી નથી કે જે ફરીયાદપક્ષને મદદરુપ થાય. વધુમાં, આરોપી તરફેની ઉલટતપાસમાં મજકુર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કામના આરોપી સાથે તેમને રાજીખુશીથી ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થતા તેમણે હાલની ફરિયાદ આપેલી. આમ, ફરીયાદીનો પુરાવો લક્ષમા લેતા આરોપીએ આક્ષેપીત ગુન્હાઓ હોય તેવી હકીકતો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ છે. આ કામે એ હકીકતની પણ નોંધ લેવી જોઈએ કે, પક્ષકારો વચ્ચે જયારે સમાધાન થઈ ગયેલ હોય, ફરીયાદપક્ષના સાહેદો આરોપી વિરુધ્ધ જુબાની ન આપે જેવું આ કામે પણ બનવા પામેલ હોય તેમ જણાય છે. એકંદર હકીકતોએ ફરીયાદપક્ષ આરોપી સામેના ગુન્હાનાં આવશ્યક તત્વો પુરવાર કરી શકતો નથી.

(૮) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ'' જે એ.આઈ.આર. ૨૦૧૨, એસ.સી. પાન નંબર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૮માં એમ ઠરાવેલ છે કે,

> “It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that

> suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''દિગમ્બર વૈષ્ણવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ'' નો ચુકાદો કે જે (૨૦૧૯)(૪) (એસ.સી.સી.– પેજ નં.૫૨૨) માં પ્રસિધ્ધ થયેલ છે જેનાં પેરા–૧૫ તથા ૧૯ માં ઠરાવેલ છે કે....

> 15. One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.
>
> 19. It is also well-settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in

> the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence [See Kali Ram v. State of Himachal Pradesh, (1973) 2 SCC 808].

(૯) આમ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા આ કામે ઉપસ્થિત કરવામાં આવેલ મુદા નંબર–૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદા નંબર–૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે આ કામના આરોપી કાળાજી લખાભાઈ ઠાકોર નાઓને ભારતીય ન્યાય સહિતા ૨૦૨૩ ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), ૩૨૪ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૩–૧૮૧,૧૯૬ અન્વયેના સજાને પાત્ર ગુન્હા ના કામે શંકાનો લાભ આપી મુકત કરવામાં આવેછે.

(૨) આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ એ અન્વયે છ માસ સુધીના રૂા.૧૦,૦૦૦/– એકવિટલ જામીન રજૂ કરવા.

હુકમ આજરોજ તારીખ:**૧૧** મી માહે–**નવેમ્બર** સને–**૨૦૨૫** ના દિને ખુલી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૧૧/૧૧/૨૦૨૫** **આર.બી.સોલંકી.**
**સ્થળ : અમદાવાદ** **૭ માં એડી. ચીફ. જ્યુડિ.મેજી.**
**( કોડ નં–જી.જે.૦૧૦૦૯ )**